| | |
|---|---|
| દાખલ કર્યા તા. | ૧૭/૦૩/૨૦૨૫ |
| રજી. કર્યા તા. | ૧૭/૦૩/૨૦૨૫ |
| ફેંસલ કર્યા તા. | ૦૮/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૨ ૨૨ |

**પારડીના મહે. પ્રિન્સીપાલ જ્યુડિ.મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મુ.પારડી**

**ફો.કે.નં. ૮૭૪/૨૦૨૫**

**આંક–**

ફરીયાદી : સરકારશ્રી

**વિરૂધ્ધ**

આરોપી: (૧) પ્રવિણભાઈ બાપુભાઈ કુંવર
રહે. આકાર રેસીડન્સી ફલેટ નં.૧૦૮, નીરગલી સર્કલ ડીડોલી, ઉધના, તા.જી.સુરત

(૨) સાગરભાઈ બાપુ સગુનદાર બાવીસ્કર
રહે. નવાગામ, ડીડોલીં, ચામુડાડેરી, બાલાજીનગર, તા.જી.સુરત

(૩) કિશોરભાઈ ઉર્ફે રાહુલ દેવીદાસ મોરે
રહે. નવાગામ, બાલાજીનગર પ્લોટ નં.૮૦, ચામુડાડેરી, ડીડોલી તા.જી.સુરત

(૪) સુનિલભાઈ રાજેન્દ્રભાઈ સુખલાલ જાદવ

(૫) રંજુબેન ઈશ્વરભાઈ મોરે
બંને રહે. નવાગામ, ડીડોલીં, શ્રીનાથનગર, પ્લોટ નં.૨ , તા.જી.સુરત

(૬) મનિષાબેન રાજભાઈ બોરસે
રહે. મદનપુરા ગલી નં.૪,પ્લોટ નં.૧૬૫, ડીડોલી, તા.જી.સુરત

(૭) વૈશાલીબેન સંભાજી પાટીલ

રહે. ચીંચકેલા,તા.જ.ધુલીયા

---

**ગુનો:ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫એ.ઈ.,૯૮(૨),૮૧ મુજબ**

---

ફરીયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી કે.આર.ત્રિવેદી

આરોપી પક્ષ તરફે : વિ.વકીલ શ્રી એ.એમ.યાદવ...

---

**<u>– : ચુકાદો :–</u>**

(૦૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તા.૦૨/૦૮/૨૦૨૪ ના રોજ કલાક.૧ ૭/૩૦ વાગ્યે મોજે. પારડી નવી મામલતદાર કચેરીની સામેથી પસાર થતાં ને.હા.નં.૪૮ વાળા જાહેર રોડ ઉપર વાપીથી સુરત તરફ જતાં તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાના કબ્જાની એક મારૂતિ સુઝુકી કંપનીની ઈકકો કાર નં. GJ-05-RM-3588 ની જેની કિં.રૂા.૨,૦૦,૦૦૦/–નીમાં પગ મુકવાની જગ્યાએ રેગઝીનના થેલાઓમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની વ્હીસ્કી/ટીન બીટરો નંગ–૩૭૫ (૭૧.૩૪ લીટર) જેની કિં.રૂા. ૨૧,૧ ૫૦/–પ્રોહીનો મુદ્દામાલ વાહતુક કરી લઈ આવતાં તથા મોબાઈલ ફોન નંગ–૦૫ જેની કિં.રૂા. ૧૧,૫૦૦/–નો મળી કુલ્લે કિં.રૂા. ૨,૩૨,૬૫૦/–નો પ્રોહી મુદ્દામાલ ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટે વાહતુક કરી સાથે લઈ આવતા પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫એ.ઈ.,૯૮(૨),૮૧ મુજબના ગુના સબબના તહોમત માટે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૦૨) ત્યાર બાદ, હાલના કામના આરોપીઓ સામે કેસની સુનાવણી માટે પ્રોસેસ કાઢવામા આવેલ છે અને તે પ્રોસેસની બજવણી થતા આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ત્યાર બાદ સદર કામે આરોપીઓને બી.એન.એસ.એસ.ક.-૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો આપેલ છે, જેની ખાતરી આરોપીઓએ પોતાના આંક-૦૬ થી આંક-૧૨ ના નિવેદનમાં આપેલ છે. સદર કામે આંક-૦૫ થી આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આરોપીઓએ તેના આંક-૦૬ થી આંક-૧૨ ના નિવેદનમાં પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા સદર કેસ સંબંધે તેઓની સામેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષને પોતાના કેસના સમર્થનમાં પુરાવો રજુ કરવાનો આદેશ આપવામાં આવેલ છે.

(૦૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે પોતાના કેસની હકીકતના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા :-**

| અનુ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૫ | (પંચ) રમેશભાઈ ગંગારામ પટેલનાઓની સોગંદ ઉપરની જુબાની |
| ૦૨ | ૧૭ | (પંચ)કલ્પેશભાઈ શૈલેષભાઈ પટેલનાઓની સોગંદ ઉપરની જુબાની |
| ૦૩ | ૧૮ | (ફરીયાદી)અરુણ ભાઈ હરીશચંદ્ર યાદવનાઓની સોગંદ ઉપરની જુબાની |

**દસ્તાવેજી પુરાવા :-**

| અનુ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૬ | મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાની નકલ |
| ૦૨ | ૧૯ | ફરીયાદની નકલ |

(૦૪) ત્યારબાદ હાલના કામે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં હાલના કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૦૫) ત્યારબાદ હાલના કામે ફરીયાદ પક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધ રજુ પુરાવો ધ્યાને લેતાં બી.એન.એસ.એસ.ક.−૩૫૧ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ સોગંદ પર જુબાની આપવાનો, બચાવના સાક્ષીઓ તપાસવાનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. જેથી હાલના કામને દલીલના તબક્કે લેવામાં આવેલ છે.

(૦૬) સદર કામે બી.એન.એસ.એસ.ક.−૩૫૨ મુજબ પક્ષકારોના વકીલોની દલીલો સાંભળી. સદર તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારું ગેરકાયદેસર રીતે પાસ પરમીટ નહી હોવા છતા પણ વેચાણ સારું ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ પોતાના કબ્જામા રાખેલ હોય સમાજમાં ઉદાહરણરૂપ દાખલો બેસે તેવી સજા કરવા માટે ભારપૂર્વક રજુઆત કરેલ છે. જ્યારે આરોપી પક્ષે વિ.વ.શ્રી.એ દલીલ કરેલ છે કે આ કામે પંચોને સમજ આપીને પંચનામુ કર્યું હોવાનું રેકર્ડ પર નથી તેમજ પંચોએ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી પંચનામુ પુરવાર થયેલ નથી. ફરીયાદ પક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ના હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

(૦૭) ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતા કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તા.૦૨/૦૮/૨૦૨૪ ના રોજ કલાક.૧

૭/૩૦ વાગ્યે મોજે. પારડી નવી મામલતદાર કચેરીની સામેથી પસાર થતાં ને.હા.નં.૪૮ વાળા જાહેર રોડ ઉપર વાપીથી સુરત તરફ જતાં તા.પારડી, જી.વલસાડ ખાતે પોતાના કબ્જાની એક મારૂતિ સુઝુકી કંપનીની ઈકકો કાર નં. GJ-05-RM-3588 ની જેની કિં.રૂા.૨,૦૦,૦૦૦/-નીમાં પગ મુકવાની જગ્યાએ રેગઝીનના થેલાઓમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની વ્હીસ્કી/ટીન બીટરો નંગ-૩૭૫ (૭૧.૩૪ લીટર) જેની કિં.રૂા. ૨૧,૧ ૫૦/-પ્રોહીનો મુદ્દામાલ વાહતુક કરી લઈ આવતાં તથા મોબાઈલ ફોન નંગ-૦૫ જેની કિં.રૂા. ૧૧,૫૦૦/-નો મળી કુલ્લે કિં.રૂા. ૨,૩૨,૬૫૦/-નો પ્રોહી મુદ્દામાલ ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટે વાહતુક કરી સાથે લઈ આવતા પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫એ.ઈ.,૯૮(૨),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૦૮) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ

(૦૯) ઉપરોક્ત નિર્ણયોના મારા કારણો, અવલોકનો તથા તારણો નીચે મુજબ છે.

**// કારણો //**

**મુદ્દા નં.૧ :-**

(૧૦) હાલના કામે ફરીયાદ પક્ષે **આંક-૧૮** થી ફરીયાદી અરુણભાઈ હરીશચંદ્ર યાદવનાઓને તપાસેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ ફરીયાદ પક્ષના કેસને અનુરૂપ જુબાની અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે, પરંતુ પોલીસ સાહેદ દ્વારા આ ગુના પકડવા માટે ડ્રાઈવ કાઢવામાં આવતી હોય તો તેવા સંજોગોમાં

પોલીસ સાહેદએ સ્વતંત્ર સાહેદ રહેતા નથી અને તેથી તેમની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓ ને ગુના માટે તકસીરવાન ઠરાવવાથી આરોપીઓ ને ગંભીર અન્યાય થવાની સંભાવના રહેલ છે.

(૧૦.૧)વધુમાં સદર કામે ફરીયાદી નાઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકત જણાવે છે કે, બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે અને ત્યાં વાહનોની સતત અવર જવર રહે છે.

(૧૧) હાલના કામે આરોપીઓ સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થવા માટે **આંક–૧૫** થી તથા **આંક–૧૭** થી રજુ પંચ સાહેદોની જુબાની ખુબજ મહત્વ ધરાવે છે કારણ કે, તેઓ હાલના કેસની હકીકતો અંગેના સ્વતંત્ર સાહેદો છે, પરંતુ હાલના કામે તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓ હાલના કામે **આંક–૧૬** થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સહી સિવાય પંચનામામાં રહેલ કોઈ હકીકતોને સમર્થન આપતી જુબાની તેઓએ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ નથી. વધુમાં પોલીસ સાહેદો એ સરકાર તરફે હિત ધરાવનાર સાહેદો છે. જેથી પોલીસ સાહેદોની જુબાનીને સમર્થનકારક પુરાવો રેકર્ડ પર આવવો જરૂરી છે. જ્યારે હાલના કામે જોવામાં આવે તો ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોની જુબાનીને પંચ સાહેદોની જુબાનીથી બિલકુલ સમર્થન પ્રાપ્ત થયેલ નથી તેમજ હાલના કામે પંચ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉભી થાય છે, જેનો લાભ આરોપીઓને મળવાપાત્ર છે.

(૧૨) ફરીયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનુ અવલોકન અને મુલ્યાંકન કરતા, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી દ્વારા ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારી દ્વારા રેડીંગ પાર્ટીના પોલીસ સાહેદ સીવાય કોઈના નીવેદન

સદર કામે લીધેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદોના નામો ફરીયાદમાં, કે ચાર્જશીટમાં જણાવેલ નથી, જે સ્વતંત્ર પંચસાહેદને તપાસવામાં આવેલ છે તે પંચ સાહેદ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તેઓને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદ પક્ષે તેઓની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ આ સાહેદોની જુબાની દ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ કામે જ્યારે પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે ફરીયાદપક્ષ તરફે ગાડીમાંથી પ્રોહીબીટેડ મુદ્દામાલ કબજે કરેલ હોવાની તેમજ આરોપીઓની અટક કર્યા અંગેના પંચનામાની હકિકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી અને તે સીવાય જ્યારે પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે આરોપીઓના કબ્જાના વાહનમાંથી પ્રોહીબીટેડ મુદ્દામાલ મળી આવેલ હોય, કબજે કરેલ હોય તે હકીકત અંગે ગંભીર શંકા ઉત્પન્ન કરે છે. આ સંદર્ભે **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ પટેલ**નો ચુકાદો માનસહ વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે જ્યારે પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં **નામદાર સુપ્રીમકોર્ટના હેમરાજ વિરૂધ્ધ હરીયાણા રાજ્ય, અપીલ (ક્રીમીનલ) ૯૫૭/૧૯૯૮** નો ચુકાદો માનસહ વંચાણે લેતા સદર ચુકાદામાં ઠરાવેલ છે કે, જ્યારે સ્વતંત્ર સાહેદ તપાસેલ ન હોય અને સ્વતંત્ર સાહેદને નહી તપાસવા માટે કોઈ ખુલાસો કરેલ ન હોય તેમજ અન્ય કોઈ તથ્યથી ફરીયાદને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ. હાલના કામે પણ બનાવવાળુ સ્થળ વસ્તીવાળુ સ્થળ છે અને ત્યાં સ્વતંત્ર સાહેદો મળી શકે એ સ્વભાવિક છે તેમ છતાં તેઓના

નિવેદનો લેવામાં આવેલ નથી કે ન લેવા અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી સદર ચુકાદો આરોપીઓ ને મદદરૂપ થાય છે.

(૧૩) વધુમા હાથ પરના કેસમા સ્વતંત્ર કહેવાય એવા પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. તે સીવાયના જે સાહેદો છે તે તમામ પોલીસ સાહેદો છે. આ સંદર્ભે **નામ.સર્વોચ્ચ અદાલતના Bhagwansingh v/s The State of Rajasthan,AIR 1976 Supreme Court,985** ના ચુકાદામા નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે તે મુજબ જ્યારે પુરો કેસ પોલીસ સાહેદોની જુબાની પર આધારીત હોય અને સંજોગો શંકા પ્રેરીત હોય ત્યારે એવા સંજોગોમા શંકાનો લાભ આરોપીઓ ને મળે. હાથ પરના કેસમા ફરીયાદી દ્વારા ફરીયાદપક્ષના કેસ મુજબ સ્વતંત્ર ગણાય એવા પંચ સાહેદોની હાજરીમા મુદામાલ કબજે કરેલાનુ જણાવવામા આવેલ છે, તેઓએ ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમા સ્વત્રંત સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતા તેઓના નિવેદનો લેવામા આવેલ ન હોય તેવા સંજોગોમા જ્યારે ફરીયાદ પક્ષનો કેસ માત્ર પોલીસ સાહેદોના પુરાવા પર આધારીત હોય કે જેઓ ફરીયાદ પક્ષે હીત ધરાવનાર સરકારી સાહેદો હોય માત્ર તેઓના પુરાવાને આધારે આરોપીઓ ને દોષીત ઠરાવી શકાય નહી એવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે.

(૧૪) હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યક્તિઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શક્યા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શક્યા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતીઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે.

(૧૫) ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનું તથા ક્રિમીનલ જ્યુરીસ્પ્રુડન્સના સિધ્ધાંત મુજબ આરોપીઓ મળવા પાત્ર શંકાનો લાભ મેળવવા આરોપીઓ હકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર હોય, ઉપરોક્ત મુદ્દા નં.૧ નો જવાબ "નકાર"માં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**/ / હુકમ / /**

(૦૧) આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે તેઓની સામેના ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫એ.ઈ.,૯૮(૨),૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ વાહન અંગે તથા મોબાઈલો અંગે વચગાળાના ધોરણે કોઈ હુકમ કરવામાં આવેલ હોય, તો તે કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો માલિકી અંગે ખરાઈ કરી મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૩) આ કામના આરોપીઓ દ્વારા અગાઉ રજુ કરેલ જામીન અપીલ સમય સુધી અસ્તિત્વમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(०४) હાલનો ચુકાદો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની ક.–૩૯૨(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે [શરદ જેઠાલાલ સાવલા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નંબર ૯૮૬૨/૨૦૧૫, નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરક્યુલર નંબર–૧૬૧૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬].

હુકમ આજરોજ તારીખ: ૦૮ , માહે: જુન, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૬/૨૦૨૬
પારડી.

(કુ. ધ્રુવી ધનવંતકુમાર પડિઆ)
પ્રિન્સી.જ્યુડિ.મેજી.ફ.ક.પારડી
(જજ કોડ નં. જી જે ০૧૬૬૭)